| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૨૧/૦૪/૨૦૨૫ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૨૧/૦૪/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ. | ૨૦/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો. | વર્ષ | માસ | દિન |
| | **૦૦** | **૧૧** | **૩૦** |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**ફોજદારી અપીલ નં.–૨૫૩/૨૦૨૫**

**આંકઃ–૨૨**

**એપેલન્ટ :–** **આર્યન ઈન્ફ્રા નામની પેઢીના પ્રોપરાઈટર**
**ભાવેશકુમાર ધરમભાઈ પ્રજાપતિ,**
ઉ.વ.આ.૩૫, ધંધો.વેપાર,
રહે.ઠે.૧૩,૧૪, બસેરા સોસાયટી,
કામરેજ ચાર રસ્તા, રાજહંસ સીનેમાની સામે,
મેઘનસ કોમ્પલેક્ષની સામે,
તા.કામરેજ, જી.સુરત.

**વિરૂધ્ધ**

**રીસપોન્ડન્ટ :–** ૧. **શ્રી સરકાર.**
૨. **ઓમકાર કોર્પોરેશનના પ્રોપરાઈટર**
**પટેલ કીશન રમેશકુમાર**
ઠે.૧૯/એ, સનસીટી સોસાયટી,
એરોડ્રામની પાસે, રાધનપુર રોડ,

મહેસાણા.

---

**એપેલન્ટ તરફે** **:– વિ.વ.શ્રી.ડી.એન.બારોટ**
**રીસપોન્ડન્ટ નં.૧ તરફે** **:– વિ.સરકારી વકીલ શ્રી.પી.કે.દવે**
**રીસપોન્ડન્ટ નં.૨ તરફે** **:– વિ.વ.શ્રી એસ.એમ.કોટાઇ**

---

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની ક.૪૧૫ મુજબ અપીલ

**–// ચુકાદો //–**

(૧) એપેલન્ટ/આરોપીને ફોજદારી કેસ નં.૩૭૧૯/૨૦૨૧ ના કામે ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજા કરતા અને વળતર ચૂકવવાના બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), મહેસાણા નાઓના તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજના હુકમથી નારાજ થઈ એપેલન્ટ/આરોપીએ હાલની અપીલ ગુજારેલી છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે એપેલન્ટ/આરોપીએ ટ્રાયલ કોર્ટના આરોપીને સજા કરતા હુકમનું અમલીકરણ મૌકુફ રાખવા અને જામીન ઉપર જામીન મુકત કરવા માટે આંક–૦૫ થી અરજી ગુજારેલી અને તે અરજી શરતોને આધિન મંજુર કરવામાં આવેલ હતી અને તે શરતો અનુસાર આરોપીએ વળતરની રકમના ૨૦ ટકા રકમ અદાલતમાં જમા કરાવવાની હતી પરંતુ તે જમા કરાવેલ નથી તેમજ આરોપીએ કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોવાથી અને દલીલ કરતા ન હોવાથી ફરીયાદપક્ષ તર્ફે વિ.વ.શ્રી દ્વારા આંક–૨૧ થી આરોપીની દલીલોનો હકક બંધ કરવા માટે અરજી ગુજારેલી. જે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલ તેમ છતાં એપેલન્ટ કે તેઓના વિ.વ.શ્રી હાજર ન રહેતા તા.૧૦/૦૩/

૨૦૨૬ ના રોજ આંક–૨૧ ની અરજી મંજુર કરી એપેલન્ટનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે અને એપેલન્ટ દ્વારા અપીલ મેમોમાં જે કોઇ વિગત જાહેર કરવામાં આવેલ છે તે તેઓની રજુઆત છે તે રીતે ધ્યાને લેવાનો હુકમ કરવામાં આવેલ હોવાથી અપીલ મેમોમાં જે કોઇ રજુઆત છે તે એપેલન્ટની રજુઆત છે તે રીતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૩) આ કામે રીસપોનન્ડન્ટ નં.૧ તર્ફે વિ. સરકારી વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આરોપીને ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલા છે. જેથી ટ્રાયલ કોર્ટનો આરોપીને તકસીરવાન ઠરાવવાનો હુકમ કાયદેસરનો હોય તેને કાયમ કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે સામાવાળા નં.૨ તર્ફે વિ. વકીલશ્રી દ્વારા આંક–૧૭ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે જેની વિગતો ધ્યાને લીધી.

(૫) આ કામે હાલની અપીલના નિર્ણય માટે ફોજદારી કેસ નં. ૩૭૧૯/૨૦૨૧ ના કામનું અસલ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધુ.

(૬) આ કામે હાલની અપીલના નિર્ણય માટે નીચે મુજબનો મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**મુદ્દા :–**

૧. શું એપેલન્ટ/આરોપી પુરવાર કરે છે કે, ફોજદારી કેસ નં. ૩૭૧૯/૨૦૨૧ ના કામે આરોપીને ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજા કરતો અને વળતર ચુકવવાનો બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)

મહેસાણા નાઓનો તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજનો હુકમ કાયદા વિરૂધ્ધનો, ગેરકાયદેસરનો, અસ્પષ્ટ, ભુલ ભરેલો, હસ્તક્ષેપને પાત્ર તેમજ રદ થવાને પાત્ર છે ?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧ નકારમાં.

૨. મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણયો માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

-//<u>કારણો</u>//-

**<u>મુદ્દા નં.૧:-</u>**

(૮) આ કામે હાલના એપેલન્ટ મૂળ ફોજદારી કેસ નં.૩૭૧૯/ ૨૦૨૧ ના કામના આરોપી છે. જયારે હાલના રીસ્પોન્ડન્ટ નં.૨ મૂળ ફોજદારી કેસ નં.૩૭૧૯/૨૦૨૧ ના કામના મુળ ફરીયાદી છે. તેવા સંજોગોમાં પક્ષકારોની ઓળખ જળવાય રહે અને ચર્ચામાં સરળતા રહે તેવા હેતુથી ફોજદારી કેસ નં.૩૭૧૯/૨૦૨૧ ના કામે પક્ષકારોની જે ઓળખ છે તે ઓળખને ધ્યાને લઈ હવે પછી સંબોધન કરવામાં આવશે તેથી પક્ષકારોની ઓળખના મુદ્દા ઉપર તે મુજબ અર્થઘટન કરવાનું રહેશે.

(૯) આ કામે ફરીયાદી તરીકે "ઓમકાર કોર્પોરેશનના પ્રોપરાઈટર પટેલ કીશન રમેશકુમાર" તે રીતે ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે અને ફરીયાદના અંતે ઓમકાર કોર્પોરેશનના પ્રોપરાઈટર તરીકે સહિ કરવામાં આવેલ છે. આ હકીકતની સાથે ફરીયાદીએ આરોપીને ફરીયાદ વાળો ચેક પરત ફર્યા બાદ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબ જે સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ આપેલ છે તે નોટીસની

સ્થળ પ્રત આંક–૪૩ થી આ કામે રજુ થયેલ છે. આંક–૪૩ વાળી નોટીસની સ્થળપ્રતની વિગત ધ્યાને લેવામાં આવે તો તેમા નોટીસ મોકલનાર તરીકે "ઓમકાર કોર્પોરેશનના પ્રોપરાઈટર પટેલ કીશન રમેશકુમાર" તે રીતે જે આંક–૪૩ વાળી ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ જે વ્યકિતએ આપેલ છે તે જ વ્યકિતએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે તે બાબત સૌ પ્રથમ સ્પષ્ટ થાય છે તેમ માનું છું.

(૧૦) વધુમાં આ કામે ફરીયાદીએ આંક–૪૩ વાળી ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ **"(૧)આર્યન ઈન્ફ્રા તથા (૨) આર્યન ઈન્ફ્રાના પ્રોપરાઈટર તથા ઓથોરાઈઝ સીગ્નેચરી ભાવેશકુમાર ધરમભાઈ પ્રજાપતિ"** તે રીતે બે વ્યકિતઓને નોટીસ આપેલ છે. વધુમાં આ નોટીસ રજી.પો.એડી. કર્યા અંગેની પૈસા ભર્યાની પાવતી ફરીયાદીએ આ કામે આંક–૩૯ અને આંક–૪૦ થી રજુ કરેલ છે તેમજ નોટીસમાં જણાવેલ આર્યન ઈન્ફ્રા તથા આર્યન ઈન્ફ્રાના પ્રોપરાઈટર તથા ઓથોરાઈઝ સીગ્નેચરી ભાવેશકુમાર ધરમભાઈ પ્રજાપતિ નાઓને નોટીસની બજવણી થયેલ છે જે અસલ એકનોલેજમેન્ટ આંક–૪૧ તથા આંક–૪૨ થી રજુ થયેલ છે. આમ, ફરીયાદીએ ફરીયાદ વાળો ચેક પરત ફર્યા બાદ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ આપેલ છે અને તે નોટીસ આરોપીને બજી ગયેલ છે તેવુ કેસનું રેકર્ડ વંચાણે લેતાં સાબિત થાય છે તેમ માનું છું.

(૧૧) આ કામે ફરીયાદીએ આંક–૪૩ વાળી નોટીસમાં જે વ્યકિતઓને સંબોધીને નોટીસ આપેલ છે તે જ વ્યકિતઓની સામે ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની ફરીયાદ કોર્ટમાં ગુજારેલી છે. અદાલતમાંથી આરોપીને સમન્સની બજવણી થયેલ છે અને આરોપી કોર્ટમાં હાજર થયેલા છે અને

આરોપીની આંક–૧૪ થી પ્લી નોંધવામાં આવેલ છે. જેમા આરોપીએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલો છે. વધુમાં ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં આરોપી વિરૂધ્ધ જે કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તેનો ખુલાસો કરવા માટે **ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમા હાલના ફરીયાદીએ આરોપીને જે નોટીસ આપેલ છે તેમા જે સરનામુ જણાવેલ છે તે ખોટુ હોય અને ફરીયાદીએ ખોટા સરનામે નોટીસ આપેલ હોય તે રીતની વિગત જાહેર કરેલ નથી**. વધુમાં ફરીયાદીની જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો આંક–૧૧ થી ફરીયાદીએ સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે અને આરોપી તર્ફે વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. **આ સમગ્ર ઉલટતપાસમાં કોઈ પણ જગ્યાએ ફરીયાદીએ આરોપીને ખોટા સરનામે નોટીસ આપેલ હોય તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લેવામાં આવેલો નથી**. વધુમાં, **ફરીયાદવાળો ચેક આરોપીએ બીજી કોઈ વ્યકિતને સહિ કરીને આપેલ હોય તે રીતની કોઈ વિગત ફરીયાદીની ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. વધુમાં, **ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો નથી તેમજ ચેક ઉપર સહિ આરોપીની નથી તે રીતે કોઈ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. આવા સંજોગોમાં ફરીયાદવાળા ચેકની કસ્ટડી ચેકબુક બેંકમાંથી ઈસ્યુ કરવામાં આવી તે સમયે આરોપી પાસે હતી તે રીતે અદાલતે ધ્યાને લેવુ પડે. વધુમાં આ કામે આરોપીએ ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબના વધારાના નિવેદનમાં એવી હકીકત કબુલ કરેલ છે કે,

> **" અમો આરોપીએ રૂા.૩ લાખ ચુકવ્યા તે વાત ખરી છે."**

આમ, ફરીયાદી તથા આરોપી વચ્ચે ફરીયાદી જણાવે છે તે પ્રમાણેના ધંધાકીય વ્યવહારો થયેલ છે અને ફરીયાદી તથા આરોપી એકબીજાને ઓળખે છે અને એક બીજા સાથે ધંધાકીય વ્યવહારોથી સંકળાયેલા છે તે રીતે અદાલતે માનવુ પડે. વધુમાં આરોપીએ ક્રિ.પ્રો. કોડની ક.૩૧૩ મુજબના વધારાના નિવેદનમાં એવી વિગત જાહેર કરેલ

છે કે,

**" અમો આરોપીએ તમામ રકમ ચુકવી આપેલ છે, કોઇ પણ રકમ ચુકવવાની બાકી રહેતી નથી."**

આમ, ફરીયાદી તથા આરોપી વચ્ચે જે કોઇ ધંધાકીય વ્યવહારો થયેલ હતા તે ધંધાકીય વ્યવહારો મુજબના હિસાબ કિતાબ મુજબ આરોપીએ ચુકવવાને પાત્ર થતી તમામ રકમ આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ છે તે રીતે જણાવેલ છે અને તે સંજોગોમાં સ્વાભાવિક રીતે આરોપીએ ફરીયાદીને ધંધાકીય વ્યવહારો મુજબ જે કોઇ રકમ ચુકવવાની થતી હોય તે ચુકવી આપેલ હોય તો તેની રસીદો આરોપી પાસે હોય તેમજ જો સીધા બેંકના ખાતામાં નાણા ટ્રાન્સફર કરવામાં આવેલ હોય તો તેવી બેંકની જરૂરી એન્ટ્રી વાળો દસ્તાવેજી પુરાવો પણ આરોપી પાસે સ્વાભાવિક રીતે હોય તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

વધુમાં, આરોપીએ ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબના વધારાના નિવેદનમાં પોતે સોગંદ ઉપર જુબાની આપવી છે તે બાબતે હકારમાં જવાબ આપેલો છે તેમજ બચાવના સાક્ષી તપાસવા છે તે બાબતે હકારમાં જવાબ આપેલો છે. આ સિવાય વિશેષ હકીકતમાં આરોપીએ એવી હકીકત જાહેર કરેલ છે કે,

**" અમો આરોપીના સીકયુરીટી પેટે આપેલ કોરા ચેકોનો દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે. અમો આરોપી નિર્દોષ છીએ."**

આમ, આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી પાસે આરોપીની સહિ વાળો આરોપીના ખાતાના એક કરતા વધારે ચેકો છે તે રીતની વિગત આરોપી કબુલ મંજુર રાખે છે. જેથી આરોપી પોતે આ સ્વીકૃત કરેલ વિગતથી વિરૂધ્ધની કોઇ બાબત કહી શકે નહિ અને જો કહેવા જતા હોય તો આરોપીને ભારતીય પુરાવા અધિનિયમની ક.૧૧૫ ની જોગવાઇ અનુસાર રૂલ ઓફ એસ્ટોપલનો બાધ નડે છે તેવુ

મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે. આ હકીકતની સાથે કેસનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો **આરોપીએ આંક–૪૩ વાળી નોટીસની બજવણી થયા બાદ ફરીયાદીની નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. જેથી નોટીસમાં કરવામાં આવેલા કથનોની વિગતો આરોપી ગર્ભીત રીતે કબુલ મંજુર રાખે છે તે રીતે ધ્યાને લેવુ પડે અને તે સંજોગોમાં નોટીસનો કોઇ જવાબ આરોપી દ્વારા આપવામાં આવેલો નથી. જેથી નોટીસમાં કરવામાં આવેલા આક્ષેપો સાચા છે તે રીતે આરોપીએ સ્વીકૃતિ કરેલ છે તે રીતે માનવુ પડે અને આરોપી નોટીસમાં જણાવેલ વિગતો ગર્ભીત રીતે કબુલ મંજુર રાખે છે તેવી બાબત આરોપીની વર્તણુંકના આધારે અદાલતે માનવી પડે અને તેનાથી કોઇ વિરૂધ્ધની બાબત આરોપી કહેવા જતા હોય તો આરોપીને રૂલ ઓફ એસ્ટોપલનો બાધ બાય કન્ડકટથી નડે છે તે રીતે મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે**. આ કામે આરોપીએ ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબના વધારાના નિવેદનમાં પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે તે રીતે તેઓએ જણાવેલ છે પરંતુ રેકર્ડની વિગત જોતાં હાલના આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને આંક–૭૫ થી આરોપીએ પોતે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા નથી તે રીતે કલોઝીંગ પુરસીસ આપેલ છે. આમ, ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબના વધારાના નિવેદનમાં હાલના **આરોપીએ ફરીયાદીને તમામ રકમ ચુકવી દીધેલ છે તેવી વિગત જણાવેલ છે તે સંદર્ભેના નાણા ચુકવેલાની કોઇ રસીદો રજુ કરેલ નથી તેવુ ઉપરોકત ચર્ચાની વિગતે સ્પષ્ટ થાય છે.**

વધુમાં, આ કામે આરોપીએ પોતે બચાવના સાક્ષી તરીકે એચ.ડી.એફ.સી. બેંકના અધિકારીને તપાસેલા છે અને ઓમકારનું કરંટ ખાતુ તેઓની બેંકમાં આવેલુ હતુ અને તે બેંકના ખાતાનો ઉતારો રજુ કરાવડાવેલો છે અને તે આંક–૬૮ થી રજુ છે અને તેમા તા.૧૯/૦૮/૨૦૨૦ ના રોજ આઇ.એફ.એસ. કોડથી રૂા.૧૦,૦૦૦/– તથા તા.૨૧/૧૧/૨૦૨૦ ના રોજ એન.ઇ.એફ.ટી. થી આરોપીએ રૂા.૨ લાખ ફરીયાદીને આપેલા છે તે રીતની વિગત જણાવેલ છે. વધુમાં આ

કામે આંક–૩૬ વાળોફરીયાદ વાળો અસલ ચેક ધ્યાને લેવામાં આવે તો તે તા.૦૨/૦૩/૨૦૨૧ ના રોજનો ફરીયાદીને સંબોધીને લખીને આપવામાં આવેલો ચેક છે. આમ, આ આંક–૩૬ વાળો ચેક સને ૨૦૨૧ ના વર્ષમાં લખવામાં આવેલો છે. જેથી જો આરોપીએ તા.૨૧/ ૧૧/૨૦૨૦ ના રોજ જે રકમ ચુકવેલ છે તો આરોપીનો આંક–૩૬ વાળો તા.૦૨/૦૨/૨૦૨૧ ના રોજનો ચેક ફરીયાદી પાસે કેવી રીતે, કયા સંજોગોમાં આવેલો છે તે સંદર્ભેનો ખુલાસો આરોપીએ કરવો પડે. આમ, આ આંક–૩૬ વાળા ચેક ઉપર કયારે સહિ કરી તે, કયા હેતુથી સહિ કરી તે સંદર્ભેનું અંગત જ્ઞાન આરોપીને સ્વાભાવિક રીતે હોય તેવુ અદાલતે માનવુ પડે અને આરોપી તે વિગત ભારતીય પુરાવા અધિનિયમની ક.૧૦૬ ની જોગવાઇ અનુસાર રેકર્ડ ઉપર લાવીને આરોપીએ સાબિત કરવી પડે. આ કિસ્સામાં ફરીયાદીએ આંક–૧૧ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને તે જુબાનીની સરતપાસ સામે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા કોઇ પણ જગ્યાએ આ ફરીયાદવાળો ચેક અન્ય કોઇ વ્યવહાર માટે આપેલ હોય અને ફરીયાદી પાસે પરત માંગવામાં આવેલ હોય અને ફરીયાદીએ આપેલ ન હોય તેવી કોઇ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આમ, આ તમામ બાબતો ધ્યાને લેતાં ફરીયાદ વાળો ચેક આરોપીના ખાતાનો છે તથા ચેક ઉપર સહિ આરોપીની છે અને તે ચેક બેંકમા રજુ કરતા વગર સ્વીકારાયે પરત ફરેલ છે. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને રજી. પો. એડી.થી નોટીસ આપેલ છે અને તે નોટીસ આરોપીને તેના કાયદેસરના સરનામે બજી ગયેલ છે. ત્યારબાદ આરોપીએ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી કે નોટીસ પ્રમાણે પરત ફરેલ ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ નથી અને તે સંજોગોમાં આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબ ગુનો કરેલાની હકીકત ફરીયાદપક્ષ દ્વારા સાબિત કરવામાં આવેલ છે તેમ માનું છું.

(૧૨) વધુમાં, આ કિસ્સામાં ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદવાળો ચેક

આરોપીના ખાતાનો હોવાનું તથા ચેક ઉપરની સહિ આરોપીની હોવાનું સાબિત કરવામાં આવેલ છે તથા ચેક પરત ફર્યા બાદ સમયમર્યાદામાં ફરીયાદીએ આરોપીને નોટીસ આપેલ છે અને તે નોટીસની બજવણી થવા છતાં આરોપીએ પરત ફરેલ ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ નથી. જેથી આ તમામ બાબતો ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબનું પ્રિઝમશન ડ્રો થયેલાનું સાબિત થયેલાનું અત્રેની અદાલતનું શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

વધુમાં, આ કામે ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૯ મુજબનું પ્રિઝમશન આરોપી વિરૂધ્ધ ડ્રો થયા બાદ આરોપી પ્રિઝમશન રીબર્ટ કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે તેવુ પણ અત્રેની અદાલતનું શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

આવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવતી વખતે જે બાબતો ધ્યાને લીધેલ છે તે તથા પુરાવાનું પુરાવાકીય મુલ્યાંકન કરેલ છે તેની સાથે તથા મુલ્યાંકન સમયે જે કારણો આપેલા છે અને જે નિર્ણય કરેલ છે તે તમામ કાયદાને સુસંગત હોવાનું અત્રેની અદાલત શુધ્ધબુધ્ધિપૂર્વક માને છે અને તેની સાથે સહમત થાય છે. તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવા માટેનું કાયદેસરનુ, વ્યાજબી, ન્યાયીક, મુનાસીફ કારણ મને જણાતુ નથી અને તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું.

**<u>મુદ્દા નં.૨ઃ</u>–**

(૧૩) આ કામે ફરીયાદપક્ષ દ્વારા ચેક આરોપીના ખાતાનો હોવાનું સાબિત થયેલ છે અને આ ચેક આરોપીએ અન્ય કોઈ વ્યવહાર પેટે આપેલ હોય તે રીતની કોઈ વિગત રેકર્ડ ઉપર લાવીને સાબિત કરવામાં આરોપી સદંતર નિષ્ફળ નિવડેલા છે. વધુમાં, ફરીયાદીએ આરોપીને સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ આપેલ છે અને તે નોટીસ બજવા છતાં આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. ટ્રાયલ કોર્ટ દ્વારા

આરોપીને પોતાનો બચાવ કરવા માટેની કાયદેસરની પુરતી તક અને સમય આપેલો છે. જેથી આ તમામ બાબતો ધ્યાને લેતાં ફરીયાદી દ્વારા પુરાવો રજુ કરીને ટ્રાયલ કોર્ટ સમક્ષ આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબનો ગુનો કરેલાની હકીકત સાબિત કરેલ છે તેમજ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ એકટની ક.૧૩૮ મુજબનું પ્રિઝમશન ડ્રો થયેલાનું સાબિત થયેલાનું અત્રેની અદાલતે માનેલુ છે. વધુમાં આરોપી ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૯ મુજબનું પ્રિઝમશન રીબર્ટ કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી ટ્રાયલ કોર્ટ દ્વારા ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાનું કાયદાની જોગવાઈઓ અંતર્ગત યોગ્ય, ન્યાયીક, તટસ્થ મુલ્યાંકન કરવામાં આવેલ છે અને અત્રેની એપેલેટ કોર્ટ ટ્રાયલ કોર્ટના હુકમ તથા હુકમ માટે આપવામાં આવેલ કારણોની સાથે સહમત થાય છે. જેથી ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવા માટેનું કાયદેસરનું કોઈ વ્યાજબી, ન્યાયીક કારણ મને જણાતુ નથી. તેથી એપેલન્ટની હાલની અપીલ મંજુર કરી શકાય નહિ તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

આથી એપેલન્ટ/આરોપીની હાલની અપીલ નામંજુર (રદ) કરવામાં આવે છે.

આથી એપેલેન્ટ/આરોપીને ફો.કે.નં.૩૭૧૯/૨૦૨૧ ના કામે ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજા કરતા અને વળતર ચૂકવવાના બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), મહેસાણા નાઓના તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજના હુકમને આથી કાયમ કરવામાં આવે છે.

એપેલન્ટ/આરોપીના જામીન ખત રદ કરવામાં આવે છે.

એપેલન્ટ/આરોપીએ બાકીની સજા ભોગવવા માટે ટ્રાયલ કોર્ટમા તા.૨૭/૦૪/૨૦૨૬ સુધીમા જાતે હાજર થઈ જવુ.

જો એપેલન્ટ/આરોપી બાકીની સજા ભોગવવા માટે ટ્રાયલ કોર્ટમા જાતે હાજર ન થાય તો ટ્રાયલ કોર્ટે, ટ્રાયલ કોર્ટે આરોપી સામે

બાકીની સજાની અમલવારી માટે વોરંટ/સજા વોરંટ કાઢી, વોરંટ/સજા વોરંટની અમલ બજવણી કરાવડાવી, બાકીની સજાની તાત્કાલિક અમલવારી કરાવવી તેવો હુકમ કરવામાં આવે છે.

ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપી સામે કાઢેલ વોરંટ/સજા વોરંટ તથા વોરંટ/સજા વોરંટની અમલ બજવણી થયા અંગેનો તે રીતના બંને અલગ રીપોર્ટ અત્રેની કોર્ટમાં બિનચુક કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, એપેલન્ટ/આરોપીએ આ કેસ સંદર્ભે ટ્રાયલ કોર્ટમાં તેમજ એપેલન્ટ કોર્ટમાં જો કોઈ રકમ ડિપોઝિટ પેટે ભરેલી હોય તો આ હુકમની તારીખથી દિન-૩૦ પુરા થયા બાદ તે રકમ ફરીયાદીને ચૂકવવાની રહેશે અને ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ વળતરની જે રકમ ચૂકવવાની થાય છે તેમાં તે રકમ મજરે આપવાની રહેશે.

વધુમા, આરોપીએ પોતાની દિવાની જવાબદારી અદા કરવા માટે જો કોઇ રકમ ચુકેવલી હશે તો તે વળતરની રકમમા મજરે મળવાપાત્ર રહેશે નહી તેવો હુકમ કરવામા આવે છે.

આ હુકમની એક નકલ ફો.કે.નં.૩૭૧૯/૨૦૨૧ ના રેકર્ડ સાથે બાંધવા માટે મોકલી આપવી.

ફો.કે.નં.૩૭૧૯/૨૦૨૧ ના કામનું અસલ રેકર્ડ તાત્કાલિક અસરથી ટ્રાયલ કોર્ટને પરત મોકલવું.

આ હુકમ આજરોજ તા.૨૦ મી, માહે-એપ્રિલ,સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૦/૦૪/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળ: મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ,

મહેસાણા.

જીજે૦૦૬૯૧